

સત્યની સાથે ગુજરાતની સાથે

# ગુજરાત ભૂમિ

હિન્દ ન્યુઝ ગ્રુપનું અખબાર

● MSME REG. NO.: GUJ-10-0010446 ● E-mail: gujaratbhuminews@gmail.com ● Published Every Saturday GUJARAT BHOOMI (Weekly)

● Year: 02 ● ISSUE: 32 ● DATE: 13-05-2023 ● SATURDAY ● PAGE 4 ● PRICE: Rs. 02.00 ● ANNUAL: Rs. 100.00 ● R.N.I.No.: GUJGUJ17716

GUJRAT BHOOMI (Weekly), Editor, Publisher, Pritner & Owner : SEEMA RITESH PATEL, Place of Publication_SARDAR COMPLEX, DHORAJI ROAD, KALAVAD - 361160, DISTRICT : JAMNAGAR (GUJARAT) PRINTED At : SAMARTHAN PRINTERS, SARDAR COMPLEX, DHORAJI ROAD, At. Post KALAVAD - 361160, DISTRICT : JAMNAGAR (GUJARAT) Telefax No.: 02894222229 Phone : 02894222230


## આઝાદીના અમૃતકાળમાં વિકસીત રાષ્ટ્ર તરીકે આગળ વધવાના ભારતના સંકલ્પમાં શિક્ષકોની મહત્વપૂર્ણ ભૂમિકા : વડાપ્રધાન

**ગુજરાત ભૂમિ, ગાંધીનગર**

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ આઝાદીના અમૃતકાળમાં વિકસીત રાષ્ટ્ર તરીકે આગળ વધવાના ભારતના સંકલ્પમાં શિક્ષકોની ભૂમિકા મહત્વપૂર્ણ ગણાવી છે. અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘના ૨૯માં દ્વિવાર્ષિક અધિવેશનનો પ્રારંભ વડાપ્રધાનએ ગાંધીનગરના વલાદથી કરાવ્યો હતો. પભારત મેં પરિવર્તનકારી શિક્ષા કે કેન્દ્ર મેં શિક્ષકથ વિષયવસ્તુ સાથે યોજાઈ રહેલા આ અધિવેશનમાં વડાપ્રધાનએ ગુજરાતમાં શિક્ષકો સાથેના તેમના અનુભવોને યાદ કરતાં જણાવ્યું કે ગુજરાતના શિક્ષકો સાથેના અનુભવો રાષ્ટ્રીયસ્તરે શિક્ષા નીતિના ઘડતરમાં તેમના માટે દિશાદર્શક બન્યા છે. પહું આજીવન વિદ્યાર્થી છુંથ તેવું ગૌરવભેર જણાવતાં વડાપ્રધાનએ શિક્ષકોની મહત્તા દર્શાવતા કહ્યું કે આઝાદીના આ અમૃતકાળમાં વિકસિત રાષ્ટ્ર બનવાના સંકલ્પ સાથે ભારત જ્યારે આગળ વધી રહ્યું છે, ત્યારે તેમાં શિક્ષકોની ભૂમિકા અત્યંત મહત્ત્વની બની રહેવાની છે. દેશ-વિદેશના મહાનુભાવો સાથેના પ્રસંગોની વાત કરતાં તેમણે જણાવ્યું કે વિશ્વના વિવિધ દેશોના રાજપુરુષોએ અનેક વખત તેમના જીવન ઘડતરમાં ગુજરાતના અને ભારતના શિક્ષકોએ મહત્ત્વનું યોગદાન આપ્યું હોવાનું ગર્વભેર જણાવ્યું છે. રાષ્ટ્રીયસ્તરે નવી શિક્ષણનીતિ દેશના લાખો શિક્ષકોના અનુભવો અને યોગદાનનો નીચોડ હોવાનું જણાવી વડાપ્રધાનએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના અનુભવો યાદ કરતાં કહ્યું કે આજે ગુજરાતે દેશભરમાં શિક્ષણક્ષેત્રે ટોચનું સ્થાન મેળવ્યું છે, ત્યારે એક સમયે અહીંનો ડ્રોપઆઉટ રેશિયો ૪૦ ટકાની નજીક હતો. જેમાં વિદ્યાર્થિનીઓની સંખ્યા સૌથી વધુ હતી. જ્યારે આદિવાસી વિસ્તારોમાં વિજ્ઞાનના વિષયો ભણીને ડૉક્ટર કે એન્જિનિયર બનનારા વિદ્યાર્થીઓ નહીંવત હતા. તેની સાથે આજની શિક્ષણનીતિના પરિણામે ડ્રોપઆઉટ રેશિયો ઘટીને ત્રણ ટકાની અંદર આવી ગયો છે, જ્યારે ઉંમરગામથી અંબાજી સુધી અનેક વિજ્ઞાનશાળાઓ બની છે. જેના પરિણામે અનેક આદિવાસી વિદ્યાર્થીઓ ડૉક્ટર અને એન્જિનિયર બન્યા છે. ૨૧મી સદીના બદલાતાં વિશ્વમાં ભારતની શિક્ષણ વ્યવસ્થા અને છાત્રોના અભિગમ પરિવર્તનશીલ રહ્યા છે. આ પરિસ્થિતિમાં કેવી રીતે આગળ વધવું એ શિક્ષકો માટે ચિંતનનો વિષય છે. એક સમયે સંસાધનો અને માળખાકીય સુવિધાઓની ઘટ હતી. જે આજે દૂર થઈ છે. એટલું જ નહીં, વિદ્યાર્થીઓમાં વધેલાં કૂતુહલ અને જિજ્ઞાસા શિક્ષકો માટે પણ પડકારરૂપ બન્યા છે. આજનો ૮-૯ વર્ષનો વિદ્યાર્થી પણ અલગ દષ્ટિકોણ અને અભિગમ સાથે શિક્ષકોને પ્રશ્નો પૂછે છે. તેમણે ઉમેર્યું કે આજે આપણી પાસે માહિતીના અનેક સ્રોત છે, પરંતુ તેમનો વિવેકપૂર્ણ અને યોગ્ય ઉપયોગ કરવાનું દિશાદર્શન શિક્ષકોએ કરવાનું છે. પરિણામે, શિક્ષકોએ પણ સતત અપડેટ રહેવું અત્યંત જરૂરી છે. શિક્ષકે શિક્ષણ સાથે સ્વયં છાત્રના ગાઇડ અને મેન્ટોર બનવાનું છે અને આ તક નવી શિક્ષણનીતિ પર્સનલ અને પ્રોફેશનલ અભિગમ સાથે લર્ન-અનલર્ન અને રિ-લર્નના માધ્યમથી




આપે છે. તેમણે જણાવ્યું કે ટેકનોલૉજીથી અખૂટ માહિતી મળે છે, પરંતુ આ માહિતીના યોગ્ય ઉપયોગ માટેનો સાચો દષ્ટિકોણ શિક્ષક જ આપે છે. એટલું જ નહીં, ડીપ લર્નિંગ દ્વારા લૉજિકલ કન્ક્લુઝન સુધી પહોંચવાનું મહત્ત્વનું કાર્ય પણ ગુરુ જ શીખવે છે અને એટલે જ ૨૧મી સદીમાં શિક્ષકોની ભૂમિકા બૃહદ બની ગઈ છે. આ સંમેલનમાં ઉપસ્થિત શિક્ષકોને તેમની ફરજનિષ્ઠા વિશે અવગત કરાવતા વડાપ્રધાનશ્રી મોદીએ કહ્યું કે માતા-પિતા તરીકે આપણે જે શ્રેષ્ઠ શિક્ષણની અપેક્ષા આપણા બાળક માટે રાખીએ છીએ, એવું જ ઉત્તમ શિક્ષણ આપણે પણ આપણા વિદ્યાર્થીને આપવાનું છે. આ જવાબદારી જ આવનારી પેઢીને મજબૂત કરશે. પ્રાથમિક શિક્ષક એ એવી વ્યક્તિ છે, જેની સાથે બાળક પોતાના પરિવાર પછી સૌથી વધુ સમય વીતાવે છે અને તેના આચાર-વિચારમાંથી શીખે છે. ત્યારે ધીરજ, સહાયવૃત્તિ, નિષ્પક્ષતા અને સખ્તાઈની સાથે સ્નેહ જેવા ગુણો વિદ્યાર્થી શિક્ષકમાંથી જોઈને જ શીખશે. નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ વિશે વાત કરતાં વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે ૨૧મી સદીની જરૂરિયાત અનુસાર ટીચિંગ-લર્નિંગના સમાયોજનથી તૈયાર કરાયેલી આ નીતિ પ્રેક્ટિકલ આધારિત છે અને તેના ઘડતરમાં લાખો શિક્ષકોનો પરિશ્રમ સમાયેલો છે. વર્ષો જૂની અંગ્રેજોની શિક્ષણનીતિના સ્થાને આ નીતિમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત માતૃભાષામાં આપવાનું નિયત કરાયું છે. જે અંતરિયાળ વિસ્તારોમાં રહેતા શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે ખૂબ જ લાભદાયી બની રહેશે. વડાપ્રધાનએ તેમના શિક્ષકો સાથેના વિદ્યાર્થી તરીકેના સંબંધોને યાદ કરતાં જણાવ્યું કે તેઓ આજે પણ તેમના શિક્ષકો સાથે જીવંત સંપર્કમાં છે. ત્યારે શાળાઓના જન્મદિવસ જેવા કાર્યક્રમોના માધ્યમથી શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચેના સંબંધો વધુ મજબૂત બનાવવાની જરૂર છે. જેમ રમતવીરો અને તેમના ગુરુ વચ્ચે વ્યક્તિગત અને ગાઢ સંબંધ હોય છે, તેવો જ ઘનિષ્ઠ સંબંધ શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે વિકસાવવો પડશે. બાળકોની ફિટનેસ અને પોષણના મહત્ત્વની સાથે બંધુત્વ પર ભાર આપતાં મોદીએ કહ્યું કે મધ્યાહન ભોજન જેવાં માધ્યમો થકી બાળકોને પોષણક્ષમ ભોજન તો મળે જ છે, પરંતુ માત્ર પેટમાં ભોજન જાય એ જરૂરી નથી, તેમાં ભાવનું પણ મિશ્રણ થાય એ જરૂરી છે. આ માટે આ ભોજનને ભંડારા કે લંગરની ભાવનાથી જોવાની જરૂર છે. શિક્ષકો દ્વારા કરવામાં આવતો એક નાનકડો પ્રયાસ પણ સમાજમાં આમૂલ પરિવર્તન આણી શકે છે. ૨૧મી સદીમાં ભારત દેશની મહાન પરંપરા અને ગૌરવને આગળ વધારી નયા ભારતના નિર્માણ માટે શિક્ષકો અગ્રેસર ભૂમિકા નિભાવવા ચિંતન કરે તેમ વડાપ્રધાનએ જણાવ્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અધિવેશનમાં ઉપસ્થિત દેશભરના શિક્ષકોને સંબોધન કરતા જણાવ્યું કે, શિક્ષણ એક નોબેલ પ્રોફેશન છે, શિક્ષક પોતે જ એક સંસ્કૃતિ છે, શિક્ષકનો દરજ્જો સમાજના દરેક અંગ કરતા નોખો અને વધુ ગરિમામય છે. શિક્ષક બાળપેઢીના સંસ્કાર ઘડતરથી રાષ્ટ્રનિર્માણ કરનારા સેનાની છે. સંસ્કાર-જ્ઞાનનું સંવર્ધન સિંચન કરવાનું ઉમદા કતૃત્વ કરનારા સૌ શિક્ષક ભાવિ પેઢીના વિશ્વકર્મા છે, એમ પણ તેમણે ઉમેર્યુ હતું. તેમણે વધુમાં કહ્યું કે, વડાપ્રધાનએ જ્ઞાનશક્તિ, રક્ષાશક્તિ, જળશક્તિ, ઊર્જાશક્તિ અને જનશક્તિ એમ શક્તિ પંચામૃતના પાયા ઉપર ગુજરાતના સર્વગ્રાહી વૈશ્વિક વિકાસની બૂલંદ ઈમારત ઊભી કરી છે. મુખ્યમંત્રીએ રાજ્ય સરકારે સ્માર્ટ લર્નિંગ અને સ્માર્ટ સ્કૂલો પર જે વિશેષ ઝોક આપ્યો છે તેની વિગતો આપતા કહ્યું કે, નજ્ઞાનકુંજસ્ર પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યની સરકારી શાળાઓમાં ૬૬ હજારથી વધુ ઈન્ટરેક્ટિવ સ્માર્ટ ક્લાસનો વિકાસ અને વધુ ૩૫ હજાર સ્માર્ટ ક્લાસ વિકસાવવા માટેનું કામ હાથ ધર્યું છે. તેમણે ઉમેર્યુ કે, ધોરણ ૪ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન અને ગણિત વિષયક સામગ્રી સાથેની લર્નિંગ બાય ડુઈંગ લેબ, ૭૮૦ જેટલી પ્રાથમિક શાળાઓમાં વિકસાવી છે અને ૧ હજાર શાળાઓમાં કામગીરી પ્રગતિમાં છે. ન્યૂ એજ્યુકેશન પોલિસી અનુસાર ગુજરાતની બધી જ પ્રાથમિક શાળાઓમાં ૨૦૨૩-૨૪ ના વર્ષથી બાલવાટિકા શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, રાજ્યમાં પાછલા બે દશકમાં પારદર્શક પદ્ધતિ દ્વારા સવા લાખ જેટલા શિક્ષકોની ભરતી પારદર્શીતાપૂર્વક અને મેરીટના આધારે કરવામાં આવી છે. શિક્ષકોની ભરતીની સાથેસાથે બદલીની સમસ્યાનું પણ સમાધાન લાવી ઓનલાઈન બદલી પ્રક્રિયા અમલી કરી છે. મુખ્યમંત્રીએ ઉપસ્થિત સૌ શિક્ષકોને તેમના સામર્થ્ય અને શક્તિના સહારે ઉજ્જવળ ભવિષ્ય નિર્માણથી વડાપ્રધાનના નેતૃત્વમાં દેશના અમૃતકાળમાં જ્ઞાનની જ્યોત વધુ પ્રજવલિત કરવાની અપીલ કરી હતી.

કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરીઉદ્યોગ મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાએ દેશભરમાંથી અધિવેશનમાં ઉપસ્થિત મહાનુભાવો અને શિક્ષકોનું સ્વાગત કર્યું હતું. તેમણે વડાપ્રધાન ગુજરાતના મુખ્યમંત્રી હતા તે સમયની કામગીરી વિશે વાત કરતાં જણાવ્યું કે રાજ્યમાં શિક્ષણને વધુ ઊંચાઈએ લઈ જવા પવાંચે ગુજરાતથ કાર્યક્રમ અને પતરતું પુસ્તકથ અભિયાન થકી લોકોને વાંચતાં કર્યા. એટલું જ નહીં, કન્યા કેળવણી, શાળા પ્રવેશોત્સવ અને ગુણોત્સવ જેવા કાર્યક્રમો શરૂ કરી વિદ્યાર્થીઓનો ડ્રોપ આઉટ રેશિયો ઘટાડ્યો અને ગુણવત્તાયુક્ત શિક્ષણક્ષેત્રે નવી કેડી કંડારી. તેમણે વડાપ્રધાનના સ્વચ્છતા અભિયાનને સૌથી વધુ સ્વીકૃત અને સફળ અભિયાન ગણાવ્યું હતું. આ ઉપરાંત, પરીક્ષા પે ચર્ચા, કોરોનાકાળમાં લીધેલા નક્કર પગલાં, જી-૨૦ની યજમાની વગેરે જેવી બાબતો ઉપર પણ પ્રકાશ પાડ્યો હતો. આ ઉપરાંત પ્રધાનમંત્રીએ રાજ્યના ખેડૂતોને પણ ધ્યાનમાં લીધા અને પ્રથમવાર કૃષિ વિજ્ઞાનનું શિક્ષણ આપતા કૃષિ રથને ગામેગામ ફેરવી ખેતીમાં પણ જાગૃતિ લાવ્યા હતા. આ પ્રસંગે અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ રામપાલ સિંઘે જણાવ્યું કે, ગુજરાત મહાત્મા ગાંધી અને સરદાર પટેલની ભૂમિ છે અને આજ ભૂમિના આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ભારતને વિકાસપથ પર લઈ જઈને વિશ્વ ફલક પર તેની કીર્તિ વધારી રહ્યા છે. તેમના દ્વારા લાગુ કરવામાં આવેલી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દેશના ભવિષ્યના ઘડતરમાં મહત્વનો ફાળો આપશે. ઉપલબ્ધતા, સમાનતા, ગુણવત્તા અને જવાબદારી જેવા નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ચાર સ્તંભ ભારતને વૈશ્વિક શક્તિ બનાવવા માટે સક્ષમ છે. આ શિક્ષણ નીતિ દાખલ કરીને શાળામાં પૂર્વ પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા કરી છે. જેનાથી બાળકોને નાનપણથી જ શિક્ષણમાં રસ પડશે અને રાષ્ટ્રીય ભાવનાનો વિકાસ થશે. જે એક ઉચ્ચ સમાજ બનાવવામાં ઉપયોગી નીવડશે. આ અધિવેશનમાં ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ શ્રી દિગવિજયસિંહ એ સ્વાગત પ્રવચન કર્યું હતું. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મહિલા અને બાળવિકાસ રાજ્ય મંત્રી ડૉ. મહેન્દ્રભાઈ મુંજપરા, ગુજરાતના આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ, શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડિંડોર, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા, શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરિયા, લોકસભા સાંસદ સી.આર. પાટીલ, જગદંબિકા પાલ તેમજ સુશ્રી પૂનમબેન માડમ, એજયુકેશન ઈન્ટરનેશનલ સંસ્થાના જનરલ સેક્રેટરી ડેવિડ એડવર્ડ તથા એશિયા પેસિફિકના ચીફ કો. ઓર્ડીનેટર આનંદ સિંઘ, અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષણ સંઘના મહામંત્રી કમલાકાન્ત ત્રિપાઠી તથા રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘના મહામંત્રી સતીષ પટેલ સહિત વિવિધ રાજ્યોના શૈક્ષણિક સંઘોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું અમદાવાદ એરપોર્ટ પર ઉષ્માસભર સ્વાગત કરતા રાજ્યપાલ અને મુખ્યમંત્રી



**ગુજરાત ભૂમિ, ગાંધીનગર**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આજે ગુજરાતની એક દિવસીય મુલાકાતે પધાર્યા ત્યારે અમદાવાદ એરપોર્ટ પર રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમનું ઉષ્માસભર સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે નવસારીના સાંસદ અને પ્રદેશ ભાજપા અધ્યક્ષ સી.આર. પાટીલ, અમદાવાદ શહેરના મેયર કિરીટભાઈ પરમાર, રાજ્યના મુખ્ય સચિવ રાજકુમાર, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે. કૈલાશનાથન, જી.એ.ડીના અધિક મુખ્ય સચિવ કમલ દાયાણી, રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય, અમદાવાદના ઈન્ચાર્જ પોલીસ કમિશનર પ્રેમવીરસિંહ, કલેકટર સુ પ્રવીણા ડી.કે. સહિત વરિષ્ઠ અધિકારીઓ અને અફસરોએ પણ વડાપ્રધાનનું અભિવાદન કરી તેમને આવકાર્યા હતા.

## એઈમટ્રોન ફાઉન્ડેશન (યુ.એસ. એ.) દ્વારા રાજકોટ જિલ્લાના ત્રંબા ખાતે સીવણ અને સેલ્ફ ડિફેન્સ તાલીમનો સમાપન કાર્યક્રમ યોજાયો

**ગુજરાત ભૂમિ, રાજકોટ**

એઈમટ્રોન ફાઉન્ડેશન (યુ.એસ. એ.)નાં સ્થાપક મુકેશભાઈ વાસાણીની વતન પ્રત્યેની લાગણી અને વતન પ્રત્યેનું ઋણ ચૂકવવાના ઉમદા હેતુ સાથે રાજકોટ જિલ્લાના ત્રંબા ખાતે એજ્યુકેશન, સેલ્ફ ડિફેન્સ, સ્કીલ ડેવલોપમેન્ટ, આર્ટ એન્ડ ક્રાફ્ટ અને આરોગ્યલક્ષી કાર્યક્રમો સંસ્થા મારફત શરૂ કરવાનું બીડું ઝડપ્યું છે. જેના અનુસંધાને ફેબ્રુઆરી ૨૦૨૩ થી ત્રંબા ખાતે આરોગ્ય, સેલ્ફ ડિફેન્સ અને સીવણ તાલીમના કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા હતા. હાલ સીવણ તાલીમ અને સેલ્ફ ડિફેન્સ તાલીમ વર્ગો પૂર્ણ થતા પ્રમાણપત્ર વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ સમાપન કાર્યક્રમમાં અમેરિકા સ્થિત સંસ્થાનાં



શ્રીમતિ ભાનુબેન વાસાણી, શ્રી નિર્મળ વાસાણી, શ્રીમતિ નિષ્ઠા વસાણીના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ તકે શ્રીમતિ ભાનુબેન વાસાણીએ તાલીમાર્થીઓ જીવનમાં ખૂબ આગળ વધે તે માટે પ્રોત્સાહન પુરું પાડ્યું હતું. મહીલાઓ આત્મનિર્ભર બની પરિવારને મદદરૂપ થાય તે માટે નિર્મલ વાસાણીએ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. મહિલાઓ નિડર બને અને આત્મરક્ષણ મેળવતી થાય તે માટે સુંદર વાર્તા દ્વારા સરળ ભાષામાં સમજ આપી હતી.

આ તકે ઉપસ્થિત સામાજિક અગ્રણી શ્રીમતિ શર્મિલાબેન બાંભણિયા દ્વારા શિક્ષણના માધ્યમથી બાળકની આંતરિક શક્તિ ખીલવવા અને બાળકને જીવનમાં જે બનવું હોય તે માટે યોગ્ય વાતાવરણ પૂરું પાડવા માતાઓને અનુરોધ કર્યો હતો અને પોપ્યુલર સ્કૂલ સર્વે પ્રકારે મદદરૂપ થવા હરહંમેશ તત્પર છે તેવી તૈયારી દર્શાવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન સરોજબેન મારડિયા દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ સાથે કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

### પાકિસ્તાનથી રાજકોટમાં હેરોઇનની હેરાફેરી

**રાજકોટ**

ગુજરાતમાં ડ્રગ્સ પકડાવવાનો સિલસિલો યથાવાય રહ્યો છે. ગુજરાત એન્ટી ટેરરિઝમ સ્કોડ દ્વારા રાજકોટમાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં સ્થાનિક પોલીસને ઊંઘતી ઝડપીને અઝજની ટીમે રાજકોટના જામનગર રોડ નજીક ખંઢેરી સ્ટેડિયમ પાસેથી રૂ. ૨૧૪ કરોડની કિમતનો ૩૦.૬૦ કિલો હેરોઈનને જપ્ત કર્યો છે. ત્યારે કઈ રીતે પોલીસેને હેરોઇન અને તેની હેરાફેરીની બાતમીને આધારે હેરોઈનનો જથ્થો મેળવનાર આરોપીને ઝડપાયો અને સમગ્ર બનાવના તાર છેક પાકિસ્તાન સુધી પહોંચ્યા..

# ગરીબ અને મધ્યમવર્ગીય લોકોનાં જીવનમાં ખુશીઓનો પ્રકાશકુંજ બનતો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ લાઈટ હાઉસ

**ગુજરાત ભૂમિ, રાજકોટ**

ભાવિકા લીંબાસીયા

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વપન છે કે, છેવાડાનો માનવી પણ પોતાનાં ઘરની છત્રછાયા હેઠળ શાંતિ, સલામતી અને સુરક્ષા મેળવીને દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપે. તેમના આ સ્વપનને નક્કર સ્વરૂપ આપવાનું કાર્ય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી અને ગ્રામીણ) હેઠળ થઈ રહ્યું છે. વર્ષ ૨૦૧૫માં અમલમાં મુકાયેલી શહેરી વિકાસ પરિકલ્પનાને પરિણામે આજે સ્માર્ટ આવાસો અને સ્માર્ટ સિટીનું નિર્માણ થઈ રહ્યું છે. મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અર્બન



મિશન અંતર્ગત વિશ્વના સૌથી મોટા પબ્લિક હાઉસિંગ પ્રોગ્રામ હેઠળ દરેક નાગરિકોને મજબુત, પાક્કા અને ટકાઉ રહેઠાણો સહિત પાયાની તમામ સુખ - સુવિધાઓ પૂરી પાડવા માટે સમગ્ર દેશમાં કુલ ૬ રાજ્યોમાં ૬ જુદી જુદી ટેકનોલોજીના ઉપયોગથી ૬૩૦૦ થી વધુ આવાસોનું નિર્માણ મધ્યપ્રદેશના ઈન્દોર, તમિલનાડુના ચેન્નઈ, ઝારખંડના રાંચી, ત્રિપુરાના અગરતલ્લા અને ઉત્તર પ્રદેશના લખનૌની સાથોસાથ ગુજરાતના રાજકોટ શહેરમાં કરવામાં આવ્યું છે. ગ્લોબલ હાઉસિંગ ટેકનોલોજી ઈન્ડિયાના લાઈટ હાઉસ પ્રોજેક્ટ અંતર્ગત રાજકોટ શહેરના રૈયા સ્માર્ટ સીટીના ટી.પી. સ્કીમ નં. ૩૨ માં ૪૫ મી. રોડ ખાતે મોનોલિથિક કોન્ક્રીટ કન્સ્ટ્રક્શન ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ઈ.ડબ્લ્યુ.એસ.- ૨ પ્રકારના ૩૯.૭૭ ચોરસ મીટર કાર્પેટ એરિયા ધરાવતા કુલ ૧,૧૪૪ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. દરેક આવાસમાં ૨ રૂમ, લીવીંગ રૂમ, રસોડુ, ટોઈલેટ-બાથરૂમ, વોશિંગ એરિયા, રસોડામાં પ્લેટફોર્મની નીચે કેબીનેટ, પાર્કિંગ, કોમર્શીયલ કોમ્પ્લેક્ષ, આંગણવાડી, ગાર્ડન, કોમ્યુનીટી હોલ, કમ્પાઉન્ડ વોલ, સોલાર સ્ટ્રીટ લાઈટ, રેઈન વોટર હાર્વેસ્ટિંગ જેવી સુવિધાઓ આપવામાં આવી છે. આ માટે કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિ આવાસ રૂપિયા ૧.૫૦ લાખ તેમજ રાજ્ય સરકાર દ્વારા પ્રતિ આવાસ રૂપિયા ૧.૫૦ લાખની સહાય આપવામાં આવે છે. તદુપરાંત નવી ટેકનોલોજીના ઉપયોગ માટે કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિ આવાસ રૂપિયા ૪ લાખની વિશેષ ટેકનોલોજી ઈનોવેશન ગ્રાન્ટ આપવામાં આવે છે. પાના નં. ૨ પર પાના નં. ૨ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં દુરંદેશીભર્યા નિર્ણયને કારણે આવાસ યોજના થકી ગરીબ પરિવારોને સુવિધાયુક્ત ઘર મળ્યા છે ત્યારે ગરીબ અને મધ્યમવર્ગીય લોકોનાં જીવનમાં ખુશીઓનો પ્રકાશકુંજ બનતો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ લાઈટ હાઉસ, રાજકોટના લાભાર્થી એવાં ઝરીનાબેન બ્લોચ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતાં જણાવે છે કે અમે રાજકોટ સેન્ટ્રલ જેલ પાછળના વિસ્તારમાં ભાડાના મકાનમાં રહીએ છીએ. અમને ખૂબ ઈચ્છા હતી કે અમારું પણ પોતાનું કહી શકાય તેવું સુંદર ઘર હોય. આર્થિક સંકડામણ હોવાથી ક્યારેય આ ઈચ્છા પૂરી થાય તેવું શક્ય નહોતું. પરંતુ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈના મોદીના ડ્રીમ પ્રોજેક્ટ લાઈટ હાઉસમાં ઘર મળવાથી મારું પણ 'ઘરના ઘર'નું સપનું સાકાર થયું છે. જેથી, અમારા પરિવારમાં ખુશહાલી છવાઈ ગઈ છે. આધુનિક ટેક્નોલોજીથી આવાસો બનેલા હોવાથી ભૂકંપમાં પણ ઘર પડી જવાની ચિંતા નથી. મધ્યમવર્ગીય પરિવારોની પાકા મકાનની ઈચ્છા પૂરી કરનાર પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈના મોદી તથા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો ખૂબ ખૂબ આભાર માનું છું. તેમના દીર્ઘાયુ માટે પ્રાર્થના કરું છું. ઉલ્લેખનીય છે કે, ગુજરાતને મ્યુનિસિપલ કાઉન્સિલ, શ્રેષ્ઠ બાંધકામ, અર્બન હાઉસિંગ સોસાયટી, લાઈટ હાઉસ પ્રોજેક્ટ સહિતની કેટેગરીમાં સાત પુરસ્કારો મળી ચૂક્યા છે. મોનોલીથીક ટેકનોલોજીનાં ઉપયોગથી દેશમાં સૌ પ્રથમ વાર બોક્સ ટાઈપ સ્ટ્રકચર આધારિત બનાવાયેલા આવાસો ઝડપથી, ઓછી કિંમતે, મજબુત અને ટકાઉ બને છે તથા પ્લાસ્ટરીંગની જરૂર પડતી નથી. ઈન્ડસ્ટ્રિયલ બાય-પ્રોડક્ટ જેવી કે, ફ્લાય એશ (રાખ), માઈક્રો સિલીકા (વિશિષ્ટ પ્રકારની રેતી) સહિતની વસ્તુઓનો ઉપયોગ કરીને આ આવાસો તૈયાર કરવામાં આવે છે. સ્ટીલ અથવા પ્લાયવુડ શટરિંગ ફોર્મ વર્ક સિસ્ટમનો જરૂરિયાત મુજબ ઉપયોગ કરીને ટનલ ફોર્મમાં ઢાળીને બે અડધા રૂમ બનાવી તેને એકસાથે મૂકીને દિવાલો બનાવવામાં આવે છે અને સ્લેબ પણ એક જ દિવસમાં બનાવવામાં આવે છે. આ રીતે તૈયાર કરાયેલા મકાનો ભુકંપ અને વાવાઝોડા સામે મજબુતાઈથી ટકી શકે છે. આજે શહેરનો વિકાસ પુરપાટવેગે થઈ રહ્યો છે ત્યારે લાઈટ હાઉસ પ્રોજેકટને કારણે ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને ઘરનું ઘર મળી રહ્યું છે જે શહેરી વિકાસ યોજનાની સફળતા સૂચવે છે.

# જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, બોટાદ હસ્તકની ગઢડા તાલુકાની કેટલીક શાળાઓ માટે કેન્દ્ર સંચાલકની ખંડ સમયની નિમણૂંક માટે અરજીઓ મંગાવાઈ

**ગુજરાત ભૂમિ, બોટાદ**

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, બોટાદ હસ્તકની ગઢડા તાલુકાનીની અનિડા (કેંદ્ર નં-૧૧), વિકળીયા (કેન્દ્ર નં-૧૬), પાડાપાણ (કેંદ્ર નં-૩૯), ભીમડાદ કન્યા શાળા (કેંદ્ર નં-૪૧), સીતાપર (કેંદ્ર નં. ૩૪), નવા રાજપીપળા(કેંદ્ર નં-૯૧), પ્રાથમિક શાળા તા.ગઢડા, જિ.બોટાદ માટે કેન્દ્ર સંચાલકની ખંડ સમયની નિમણૂક માટે સને ૨૦૨૩-૨૪ ના શૈક્ષણિક વર્ષ માટે કામચલાઉ ધોરણે માનદ વેતનથી નિમણૂક આપવા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. એસ.એસ.સી પાસ હોય તેવા ઉમેદવારની પસંદગી કરવામાં આવશે. જેઓની લઘુતમ વયમર્યાદા ૨૦ વર્ષથી વધુ અને ૬૦ વર્ષથી ઓછી હોવી જોઈએ તથા સ્થાનિક ગામનો રહીશ હોવો જોઈએ. વિધવા તેમજ ત્યકતા બહેનોને અગ્રતા આપવામાં આવશે. નિયત અરજી પત્રક મામલતદાર કચેરી-ગઢડા ખાતેથી કચેરી સમય દરમિયાન વિનામૂલ્યે મેળવી શકાશે. લાયકાત ધરાવતાં ઉમેદવારોએ તા.૨૫/૦૫/૨૦૨૩ સુધીમાં નિયત ફોર્મમાં અરજી કરી અત્રે મામલતદાર કચેરી, ગઢડા ખાતે આ મુજબના પ્રમાણપત્રો-આધાર પુરાવા સાથે રજૂ કરવી. જન્મનું પ્રમાણપત્ર/શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, એસ.એસ.સી પાસ કર્યાનું પ્રમાણપત્ર તથા છેલ્લી શૈક્ષણિક લાયકાતનું પ્રમાણપત્ર, રેશનકાર્ડ, ચુંટણીકાર્ડ તથા આધારકાર્ડ, જાતિનું પ્રમાણપત્ર, એક પાસપોર્ટ સાઈઝનો ફોટો, વિધવા અને ત્યક્તા હોવાના અધિકૃત અધિકારીના પ્રમાણપત્ર અથવા પુરાવા, અન્ય કોઈ લાયકાત અથવા અનુભવ ધરાવતા હોય તો તે અંગેનુ પ્રમાણપત્ર, બેંક પાસબુકની નકલ. (ઉકત તમામ પ્રમાણપત્ર તથા આધાર-પુરાવાની પ્રમાણિત નકલ રજૂ કરવી.) શિક્ષણ વિભાગના તા.૦૩/૧૦/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૬/૪૧૫૧૪૧/આર,ની જોગવાઈઓ મુજબ ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે તથા તે મુજબ અમલવારી કરવામાં આવશે. મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્ર ઉપર મળેલી આ નિમણૂક સરકારી કે પંચાયત સેવામાં ગણાશે નહીં, અને આ નિમણૂક ખંડ સમયની ઉચ્ચક વેતનવાળી હંગામી અને વગર નોટીસે છુટા કરી શકાશે તેવી રહેશે. લાયકાત નહીં ધરાવતા ઉમેદવારોએ અરજી કરવી નહીં. નિમણૂક અંગેના તમામ અધિકાર અત્રેને અબાધિત છે તેમ મામલતદાર, ગઢડા દ્વારા જણાવવામાં આવ્યું છે.

# ભાવનગર રિજિયોનલ સાયન્સ સેન્ટર ખાતે સાયન્સ સમર કેમ્પ યોજાશે

**ગુજરાત ભૂમિ, ભાવનગર**

ભાવનગરના નારી ગામ પાસે આવેલા રિજિયોનલ સાયન્સ સેન્ટર ભાવનગર ખાતે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ગુજકોસ્ટ) ના માર્ગદર્શન હેઠળ સાયન્સ સમર કેમ્પનું આયોજન કરવામાં આવશે. આ સમર કેમ્પમાં વિદ્યાર્થીઓ પ્રવૃત્તિ કરતા કરતા ગણિત, વિજ્ઞાન, એન્જીનીયરિંગ ક્ષેત્રે જ્ઞાન મેળવી વિજ્ઞાન અને ટેકનોલોજીના જ્ઞાનમાં વધારો કરી શકશે. કુલ ત્રણ સમર કેમ્પનું આયોજન કરવામાં આવશે જેમાં પ્રથમ કેમ્પ ૧૭-૧૯ મે ૨૦૨૩, બીજો કેમ્પ ૨૪-૨૬ મે ૨૦૨૩ અને ત્રીજો કેમ્પ ૩૧ મે થી ૨ જુન ૨૦૨૩ દરમ્યાન યોજવામાં આવશે. દરેક કેમ્પ ત્રણ દિવસનો રહેશે જેમાં સમર કેમ્પમાં ભાગ લેનાર વિદ્યાર્થીએ ૩ દિવસ અને ૨




રાત્રિ રોકાણ કરવાનું રહેશે. જેમાં ભાગ લેનારની રહેવાની વ્યવસ્થા રિજિયોનલ સાયન્સ સેન્ટર (આરએસસી) ભાવનગર દ્વારા કરવામાં આવશે. સમર કેમ્પમાં તજજ્ઞો દ્વારા વિવિધ પ્રવૃતિઓ કરાવવામાં આવશે. આ સમર કેમ્પની વિસ્તૃત માહિતી તેમજ રેજીસ્ટ્રેશન માટેની વિગતોમાં ગુગલફોર્મ અથવા ટ્વિટર અથવા મો. : ૯૫૮૬૧૦૦૬૦૦ પર સંપર્ક કરવાનો રહેશે. ઉનાળુ વેકેશન દરમ્યાન સમયનો સદઉપયોગ કરી પ્રેક્ટીકલ જ્ઞાન દ્વારા વિજ્ઞાનને જાણવા સમજવા માટે વિવિધ મોડેલ્સ તથા વિવિધ એક્ટિવિટી દ્વારા જ્ઞાન પૂરું પાડવાનો રિજિયોનલ સાયન્સ સેન્ટર ભાવનગર દ્વારા આયોજિત થનાર સમર કેમ્પનો હેતુ છે. ત્રણ દિવસ દરમિયાન આરએસસી ભાવનગર દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે જેમકે વેળાવદર નેશનલ પાર્ક ની મુલાકાત, ઈન્ડસ્ટ્રી વિઝિટ, યોગા સેશન, સ્કાય ગેંઝિગ, ડોક્યુમેન્ટરી ફિલ્મ, ઈન્ડોર ગેમ્સ જેમકે પેપર ક્રાફ્ટ, ઓરિગામિ, હાઈડ્રોપોનિક્સ વર્કશોપ, ચેસ સ્પર્ધા અને વિવિધ આઉટડોરર્સ ગેમ્સ રમાડવામાં આવશે. આમ આ સમર કેમ્પમાં વિદ્યાર્થીઓ ભાગ લઈને અનોખી મજા માણી શકશે. આ સમગ્ર કાર્યક્રમનુ આયોજન રિજિયોનલ સાયન્સ સેન્ટરના પ્રોજેક્ટર ડાયરેક્ટ ડો. ગિરિશ ગોસ્વામી ની દેખરેખ હેઠળ કરવામાં આવશે.

# રાજકોટ જિલ્લા અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીની સરાહનીય કામગીરી

**ગુજરાત ભૂમિ, રાજકોટ**

ગુજરાત સરકારનું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સમાજના પછાત વર્ગોના સશક્તિકરણ અને આર્થિક કલ્યાણ માટે સતત પ્રયાસશીલ છે. જે અન્વયે રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિના સર્વાંગી ઉત્કર્ષ માટે અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી દ્વારા નાગરિકોને મદદરૂપ થવા માટે નમૂનેદાર કામગીરી કરવામાં આવી રહી છે. રાજકોટ જિલ્લા અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીના નાયબ નિયામક સી. એન. મિશ્રાએ જણાવ્યું હતું કે અનુસૂચિત જાતિના લોકોએ સરકારી લાભો મેળવવા માટે જાતિનું પ્રમાણપત્ર રજૂ કરવું આવશ્યક છે. વર્ષ ૨૦૨૨-'૨૩માં રાજકોટ જિલ્લાના અનુસૂચિત જાતિના ૧૩૯૭ લોકોને બારકોડેડ જાતિ પ્રમાણપત્ર આપવામાં આવ્યા છે. અનુસૂચિત જાતિ પ્રમાણપત્ર મેળવવા ઈચ્છુકે કચેરીમાં રૂબરૂ અથવા ઓનલાઈન અરજી કરવાની રહે છે. ઉલ્લેખનીય છે કે અનુસુચિત જાતિના અરજદારોએ જાતિ પ્રમાણપત્ર માટેની અરજી સાથે અરજદારનું છેલ્લી શાળા છોડયાનું પ્રમાણપત્ર તથા પિતાનું છેલ્લી શાળા છોડયાનું પ્રમાણપત્ર (બંને અસલ તથા પ્રમાણિત નકલ), રેશન કાર્ડ તથા આધાર કાર્ડની પ્રમાણિત નકલ, અરજદારના બે પાસપોર્ટ સાઈઝ ફોટા રજૂ કરવાના રહેશે. પિતા અશિક્ષિત હોય તેવા કિસ્સામાં કાકા/દાદા/મોટા બાપા/ફઈના શાળા છોડયાના પ્રમાણપત્ર તથા જાતિ પ્રમાણપત્ર રજૂ કરી સોગંદનામુ રજૂ કરવાનું રહેશે. ઉકત કોઈ પાસે પ્રમાણપત્ર ન હોય તો અરજદારના સગા ભાઈ/બહેનનું શાળા છોડયાના પ્રમાણપત્ર તથા જાતિ પ્રમાણપત્ર રજૂ કરી સોગંદનામુ રજૂ કરવાનું રહેશે. કાકા/મોટા બાપાના પિતરાઈ ભાઈ/બહેનના કિસ્સામાં શાળા છોડયાનું પ્રમાણપત્ર સાથે પેઢી આંબો અને સોગંદનામું રજૂ કરવાનું રહેશે. વધુ વિગત માટે નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી, ૬/૧, બહુમાળી ભવન ખાતે રૂબરૂ સંપર્ક કરી શકાશે.

# ૧૦૦.૦૪ લાખનાં ખર્ચે નિર્માણ થયેલ પાટણ શહેર-૧ અને ૨ પેટા વિભાગીય કચેરીઓનું ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈનાં હસ્તે લોકાર્પણ

**ગુજરાત ભૂમિ, અમદાવાદ**

આજરોજ નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુભાઈ દેસાઈનાં વરદ હસ્તે પાટણમાં વીજ કંપની લિમિટેડની પેટા વિભાગીય કચેરીઓ પાટણ શહેર-૧ અને ૨ નું ૧૦૦.૦૪ લાખનાં ખર્ચે લોકાર્પણ કરવામાં આવ્યું હતુ. મંત્રીએ રીબીન કાપીને ૬૦૦ ચો.મી. બાંધકામ એરિયા સાથેનાં આ અદ્યતન નવીન મકાનને ખુલ્લું મૂક્યું હતુ. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા આયોજીત આજના લોકાર્પણ કાર્યક્રમમાં પાટણ શહેર-૧ અને શહેર-૨ ની પેટા વિભાગીય કચેરી દ્વારા શહેરમાં ૬૮૭૫૭ જેટલા વીજ ગ્રાહકોને ૩૦ ફીડરો દ્વારા અવિરત વીજ પુરવઠો પૂરો પાડવામાં આવશે. અગાઉ વીજ સંબંધિત પ્રશ્નો માટે પાટણનાં લોકોને મહેસાણા જવું પડતું હતુ પરંતુ હવે આ પેટા વિભાગીય કચેરી દ્વારા પાટણમાં જ તમામ પ્રશ્નોનું નિરાકરણ થઈ જશે. આજનાં લોકાર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત માન. ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતુ કે, દેશમાં જ્યોતિગ્રામ થી શરૂ કરીને અનેક યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. મંત્રીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જીનીવામાં જે ૦ કાર્બન એટલે કે રીન્યુએબલ એનર્જી વિશે વાત કરી હતી તેને પણ યાદ કરી હતી. મંત્રીએ વધુમાં ઉમેર્યુ કે, આગામી સમયમાં ગુજરાત ૫૦%




વીજળી સૌર અને વીજળીથી મેળવશે. આજે ગુજરાત ૮૧% રૂફટોપ સાથે દેશમાં પ્રથમ ક્રમાંકે છે જે આપણાં સૌ માટે ગૌરવની વાત છે. પાટણનાં લોકોને આજે ૧૦૮ મેગા વોટ સૌર વીજળીથી ૫ કરોડ ૭૮ લાખની રાહત મળી છે. આગામી સમયમાં પાટણમાં ૪ નવા સબસ્ટેશન બનશે જેનાં થકી પાટણવાસીઓને ઘણો ફાયદો થશે. વીજળીનો સપ્લાય સાતત્યપુર્ણ રહે તે માટે પાટણ જિલ્લાને ૩૪૫ કરોડ જેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. ઊર્જા વિભાગ આપ સૌ સાથે છે અને સૌના સહકારથી ઉત્તર ગુજરાત વીજકંપની સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમાંકે રહેશે. આજનાં લોકાર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત માન. કેબિનેટ મંત્રી બળવંત સિંહ રાજપૂતે જણાવ્યું હતુ કે, આજનો દિવસ આપણાં સૌ માટે આનંદનો દિવસ છે. આજના દિવસે પાટણવાસીઓને મોટી ભેટ મળી છે. પહેલા વીજળીને લગતા કેટલાક પ્રશ્નો માટે મહેસાણા જવું પડતું હતુ પરંતુ આ બે નવીન પેટાવિભાગીય કચેરીઓના લોકાર્પણથી પાટણમાંજ તમામ પ્રશ્નોનું નિરાકરણ આવી જશે. આજે રાજ્ય સરકાર દરેક માનવીને વીજળી મળી રહે તે માટે સારામાં સારું કાર્ય કરી રહી છે. ગુજરાતમાં ૨૪ કલાક વીજળી મળી રહી છે. ખેતીકામમાં ઉદ્યોગ ક્ષેત્રે વીજળી મળી રહે તે માટે સરકાર દ્વારા કાર્ય કરવામાં આવે છે. હવે દિનપ્રતિદિન વીજળી ક્ષેત્રે ગુજરાતમાં પ્રગતિ થઈ રહી છે. જે આપણા સૌ માટે ગર્વની બાબત કહેવાય. આજે પેટા વિભાગીય કચેરીઓના નવીન મકાનના લોકાર્પણ પ્રસંગે નાણાં, ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગના મંત્રી માનનીય કનુભાઈ દેસાઈ, કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપુત, જીલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભાનુમતીબેન મકવાણા, લોકસભા પાટણ સાંસદસભ્ય ભરતસિંહજી ડાભી, આઈ.એ.એસ. પ્રિન્સિપલ સેક્રેટરી ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ શ્રીમતી મમતા વર્મા, મેનેજીંગ ડીરેક્ટર જી.યુ.વી.એન.એલ. જય પ્રકાશ શિવહરે, ધારાસભ્ય પાટણ ડો.કિરીટભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ પાટણ શ્રીમતી સ્મિતાબેન પટેલ, કલેકટર અરવિંદ વિજયન, અધિક નિવાસી કલેકટર પ્રદિપસિંહ રાઠોડ, મેનેજીંગ ડીરેક્ટર યુજીવીસીએલ અરુણ મહેશ બાબુ, મુખ્ય ઈજનેર (ઓપરેશન) યુજીવીસીએલ વી.એમ. શ્રોફ, મુખ્ય ઈજનેર ( ) યુજીવીસીએલ જી.એચ.અન્જિનિયર તેમજ વિવિધ અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. નવીન બાંધકામ થયેલ પાટણ શહેર-૧ અને શહેર-૨ સબડિવીઝન સમગ્ર પાટણ શહેરમાં ૬૮૭૫૭ જેટલા વીજ ગ્રાહકોને ૩૦ ફીડરો દ્વારા અવિરત વીજ પુરવઠો પૂરો પાડવામાં આવશે. કુલ ૨૯૯ કિલો મીટર એચ.ટી.લાઈન પૈકી ૨૯ કિલો મીટર અન્ડરગ્રાઉન્ડ કેબલ. ૬૬.૮૮ કિ.મી. અન્ડરગ્રાઉન્ડ કેબલ કેન્દ્ર સરકારની આર.ડી.એસ.એસ. યોજનામાં રૂ.૧૦.૭૯ કરોડના ખર્ચે સુચિત છે ૪૪૮ કિ.મી. એલ.ટી. લાઈન તેમજ ૧૪૩૪ વીજ ટ્રાન્સફોર્મરનો સમાવેશ સોલાર પ્લાન્ટ પાટણ વિભાગીય કચેરી ખાતે હાલમાં ૬૦.૫૭ વોટ ક્ષમતા ધરાવતા કુલ ૨૦ સોલાર પ્લાન્ટ કાર્યરત છે. જેમાં ૧૦૮૩૫ કિ.વો.ની ક્ષમતા સાથે કુલ ૩૧૩૬ ગ્રાહકો સોલાર રૂફ ટોપ યોજના અંતર્ગત લાભાન્વિત છે. ૧૩ કરોડના ખર્ચે બનશે નવીન સબસ્ટેશનો સમોડા, મેરવાડા, ખોડાણા, માખલિયાપરા ૩૪૫ કરોડના ખર્ચે આર.ડી.એસ.એસ. યોજના અતર્ગત સ્માર્ટ મીટર, ફીડર બાયફર્કેશન, જુના ટ્રાન્સફોર્મર બદલવા, ઈન્ટર લીડીંગ, ક્રોસિંગ દુર કરવા, સ્પેશિયલ ટાઈપ અર્થીંગનો સમાવેશ થાય છે.

# મહિલાને હેરાન કરનાર બોયફ્રેન્ડનું અભયમ ૧૮૧એ રોમિયાપણું કાઢ્યુ

**ગુજરાત ભૂમિ, સાબરકાંઠા**

સાબરકાંઠા જિલ્લામાં અભયમ ૧૮૧ દ્વારા મહિલાને હેરાન કરતા પુરુષમિત્રને પાઠ ભણાવામાં આવ્યો છે. છેલ્લા છ થી સાત વર્ષથી મહિલા અને એક પુરુષમિત્ર સાથે પ્રેમ સબંધમાં હતી. પરંતુ મહિલાના અન્ય જગ્યાએ સબંધ માટે વાત આવતા તેણીનીએ બોયફ્રેન્ડ સાથે સબંધ રાખવાની ના પાડી હતી અને ૧૫ દિવસથી વાતચીત પણ બંધ કરી દિધી હતી.પરંતુ મહિલા કોઈ કામ અર્થે પુરુષમિત્રના ગામથી પસાર થતી હતી અને તેનો હાથ પકડી લઈ રસ્તાની વચ્ચે જ તુ મારી છે. મારે તારી સાથે જ લગ્ન કરવાના છે એમ કહી હોબાળો કર્યો હતો. આ પરિસ્થિતિનુ નિર્માણ થતાં




મહિલાએ ૧૮૧ અભયમને કોલ કર્યો હતો. કોલ મળતા મહિલા હેલ્પલાઈન ૧૮૧ ની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. સ્થળ ઉપર પહોંચીને અભયમ દ્વારા બન્ને પક્ષનુ કાઉન્સિલિંગ કરવામાં આવ્યુ હતુ. કાઉન્સિલિંગ દરમિયાન મહિલાએ જાણાવ્યુ હતુ કે હુ પુરુષમિત્ર સાથે કોઈ પણ સબંધ રાખવા માગતી નથી. આથી તે મને આવી રીતે હેરાન કરે છે. આ વાત જાણતા મહિલા હેલ્પલાઈન દ્વારા પુરુષમિત્રને સમજવવામાં આવ્યો હતો અને બન્ને પક્ષના લખાણ પણ લેવામાં આવ્યા હતા. તેમજ મહિલાની ઈચ્છા વગર બળજબળી પુર્વક સંબધ રાખવાની વિરુદ્ધ થતી કાર્યવાહીની માહિતી પણ આપવામાં આવી હતી. આમ ૧૮૧ અભયમ દ્વારા બન્ને પક્ષે સમાધાન કરી મહિલાઓને હેરાનગતિ વિરુધ્ધના કાયદાકીય પાઠ ભણાવવામાં આવ્યો હતો.

# શ્રી સોમનાથ મંદિરના ૭૩માં સ્થાપના દિવસની ભક્તિભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી

**ગુજરાત ભૂમિ, સોમનાથ**

તા.૧૧/૦૫/૨૦૨૩-ગુરુવાર (વૈશાખ કૃષ્ણ ષષ્ઠી) ના રોજ પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિરના ૭૩માં સ્થાપના દિવસની ભક્તિપુર્ણ ઉજવણી કરવામાં આવી હતી. સોમનાથ મંદિર વિસર્જન બાદ નવસર્જનનું સર્વોત્તમ પ્રમાણ છે. યુગયુગાંતરથી અવિરત સોમનાથ મંદિરની આસ્થા અવિરત રહી છે. પરંતુ સદીઓ સુધી સર્જન અને વિસર્જનની પ્રક્રિયા બાદ દેશ સ્વતંત્ર થયો ત્યારે સરદાર વલ્લભભાઈ પટેલના દ્રઢ સંકલ્પથી સોમનાથ મંદિરનું પુનનિર્માણ શકય બન્યું. જ્યારે મંદિરનું ગર્ભગૃહ તૈયાર થયું ત્યારે સોમનાથ જ્યોતિર્લીંગ સ્વરૂપની પ્રાણપ્રતિષ્ઠા ૧૧ મે ૧૯૫૧ અને વૈશાખ સુદ પાંચમના રોજ દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ડો.રાજેન્દ્રપ્રસાદના હસ્તે સવારે ૯ કલાક અને ૪૬ મિનિટે કરવામાં આવેલ હતી. આજે આ મહાન ક્ષણ ને ૭૨ વર્ષ પૂર્ણ થયા છે.

૧૧ મે ૧૯૫૧ની એ ધન્ય ક્ષણઃ વિશ્વમાં કરોડો ભક્તોના આસ્થાનું કેન્દ્ર સૌરાષ્ટ્રના રત્નાકર સમુદ્ર તટ પર બિરાજમાન આદિ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરનો આજે ૭૩મો



પ્રાણપ્રતિષ્ઠા દિવસ છે. આ દિવ્ય પ્રસંગના પ્રસંગ સાક્ષી અને શ્રી સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી જે.ડી.પરમાર સાહેબે જણાવ્યું કે મંદિરની પ્રાણપ્રતિષ્ઠા સમયે તત્કાલીન રાષ્ટ્રપતિશ્રીએ શિવલિગના તળ ભાગે રાખેલી સુર્વણ શલાકા ખસેડીને શિવલિગ સ્થાપિત કરી પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ત્યારે ૧૦૮ તીર્થસ્થાનોના અને ૭ સમુદ્રોના જળ લાવીને સોમનાથ મહાદેવનો અભિષેક કરવામાં આવ્યો હતો અને એ ધન્ય પળે ૧૦૧ તોપોની સલામી આપવામાં આવી હતી.

સ્થાપના દિન પર કળશ યાત્રાઃ ત્યારે મંદિરના ૭૩ માં સ્થાપના દિવસ પર મૂળ સ્થાપના દિવસની સ્મૃતિમાં પવિત્ર જળની કળશ યાત્રા યોજવામાં આવી હતી. જ્યાં માતા સરસ્વતીએ વડવાનરને સમુદ્રમાં પધરાવેલ એવા રત્નાકર સમુદ્રના ઉદધિ જળ, હિરણ, કપિલા અને સરસ્વતી જ્યાં મહાદેવના ચરણ પખાળવા સાથે મળે છે એવું ત્રિવેણી સંગમ જળ, અને શિવજીએ પોતાની જટામાં ધારણ કરેલ ગંગા જળ લાવીને બાળાઓ



દ્વારા કળશ માથા પર રાખીને સોમનાથ ટ્રસ્ટ પરિવાર, તીર્થ પુરોહિતો અને ભાવિકો સાથે મંદિરમાં કળશ યાત્રા કરી હતી. ઢોલ શરણાઈ ના નાદ સાથે આ યાત્રાથી સમગ્ર તીર્થ શિવમય બન્યું હતું

દિવસ દરમિયાન પૂજન અર્ચન કાર્યક્રમોઃ શ્રી સોમનાથ મંદિર ના ૭૩માંથ માં સ્થાપના દિવસ નિમિત્તે જેમના સંકલ્પને કારણે સોમનાથ મંદિરનું નિર્માણ શકય બન્યું એવા સરદાર વલ્લભભાઈ પટેલની સરદાર વંદના અને સરદારશ્રી ને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવેલ, ૭૩ વર્ષ પૂર્વે સવારે ૯:૪૬ એ મહાપૂજા કરવામાં આવેલ, એ જ સમયે અને તે પ્રસંગે કરવામાં આવેલ શૃંગાર ની પ્રતિકૃતિ રૂપ શૃંગાર પૂજારી ગણ દ્વારા કરવામાં આવેલ હતો, આ પ્રસંગે ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિહ ચાવડા, તથા ટ્રસ્ટ ના કર્મચારીઓ અને સ્થાનિક તિર્થ પુરોહિતો જોડાયા હતાં. કેરી મનોરથઃ સાંજે સોમનાથ મહાદેવ ને ૨૨૦ કિલો કેરીનો મનોરથ ધરવામાં આવશે. ભગવાનને અર્પણ કરેલ કેરી વિવિધ દિવ્યાંગ સંસ્થાઓમાં સોમનાથ ટ્રસ્ટ પોતે પહોંચાડશે અને દિવ્યાંગ જનો સોમનાથ મહાદેવનો કૃપા પ્રસાદ આરોગે એ સુનિશ્ચિત કરવામાં આવશે.

# સુરેન્દ્રનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હીટ વેવથી બચવા માટે જરૂરી માર્ગદર્શિકા જાહેર કરાઈ

**ગુજરાત ભૂમિ, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લા વહીવટી તંત્ર તરફથી હિટવેવના કારણે આરોગ્ય પર થતી વિપરીત અસરોથી બચવા માટે જરૂરી માર્ગદર્શિકા જાહેર કરાઈ છે. જે મુજબ, હિટવેવ દરમિયાન બહાર નીકળવાનું ટાળવું, આખું શરીર અને માથું ઢંકાય તે રીતે સફેદ સુતરાઉ ખુલતા કપડા પહેરવા, ટોપી, ચશ્માં, છત્રીનો ઉપયોગ કરવો જોઈએ. નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃદ્ધો, અશકત અને બીમાર વ્યક્તિઓએ તડકામાં વિશેષ કાળજી લેવી જરૂરી છે. ભીના કપડાથી માથું ઢાંકી રાખવું, અવાર-નવાર ભીના કપડાથી શરીર લુછો અને વારંવાર ઠંડુ પાણી પીવું જોઈએ. લીંબુ શરબત, મોળી છાશ, તાડફળી અને નારીયેળનું પાણી, ખાંડ-મીઠાનું દ્રાવણ, ઘઇજ્જ વગેરે પુષ્કળ પ્રમાણમાં પીવા જોઈએ. બજારમાં મળતો ખુલ્લો વાસી ખોરાક, બરફ વગેરેનો ઉપયોગ ટાળવો, લગ્ન પ્રસંગમાં દૂધ માવાની આઈટમ ખાવી નહીં. ચા-કોફી અને દારૂના સેવનથી લૂ લાગવાની શક્યતા વધે છે, તેથી તેનું સેવન કરવાનું



ટાળવું જોઈએ. હિટવેવની ચેતવણીના દિવસોમાં બપોરે બે વાગ્યાથી ચાર વાગ્યા સુધી બહાર નીકળવાનું ટાળવું. માથું દુઃખવું, પગની પીંડિઓમાં દુખાવો થવો, શરીરનું તાપમાન વધવું, ખૂબ તરસ લાગવી, શરીરમાંથી પાણી ઓછું થવું, ઉલટી, ઉબકા, ચક્કર, આંખે અંધારા આવવા, બેભાન થઈ જવું, સુધ-બુધ ગુમાવી દેવી, અતિ ગંભીર કિસ્સાઓમાં ખેંચ આવવી વગેરે હિટવેવનાં લક્ષણો છે. લૂ લાગવાની અસર જણાય તો તાત્કાલિક નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે સરકારી દવાખાનાનો સંપર્ક કરવો જોઈએ. કામના સ્થળે પીવાનું ઠંડુ પાણી પૂરું પાડવું અને તામામ કામદારો માટે આરામની વ્યવસ્થા, સ્વચ્છ પાણી, છાશ, આઈસ પેક સાથે ફર્સ્ટ એઈડ કીટ્સ અને ઘઇજ્જની વ્યવસ્થા કરવી જોઈએ. કામ કરતી વખતે સીધો સૂર્યપ્રકાશ આવે તેવી સ્થિતિને ટાળો, સખત મહેનતનું કામ દિવસના ઠંડા સમયે ગોઠવવું જોઈએ. શક્ય તેટલું ઘરની અંદર રહેવું હિતાવહ છે. વરીયાળી, કાચી કેરી, ગુલાબ, ખસ અને કાળી દ્રાક્ષનું શરબત લેવું જોઈએ. રાત્રે ૧૦ નંગ કાળી દ્રાક્ષ પાણીમાં પલાળી સવારે આ પાણી પીવું અને દ્રાક્ષ ખાવી, તરબૂચનો ઉપયોગ સવાર અને બપોરે કરવો જોઈએ. લૂ લાગેલ વ્યક્તિની સારવાર માટે ભીના કપડાનો ઉપયોગ કરવો અથવા અસરગ્રસ્તના માથા પર પાણી રેડવું જોઈએ. જો શરીરનું તાપમાન સતત વધતું હોય તો એમ્બ્યુલન્સનો સંપર્ક કરવો. હવાની અવરજવર માટે દરવાજા અને બારીઓ ખુલ્લી રાખવી અને બિનજરૂરી ગરમી પેદા કરતા કમ્પ્યુટર જેવા ઉપકરણોનો ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ. કૃષિ માટે ઊભા પાકને વારંવાર પિયત આપવું અને નિદામણ કરીને જમીનને ભેજવાળી રાખવી જોઈએ. પ્રાણીઓને છાંયડામાં રાખવા અને પીવા માટે પુષ્કળ પ્રમાણમાં ઠંડુ અને સ્વચ્છ પાણી આપવું જોઈએ. મરઘા ઘરમાં પડદા અને યોગ્ય વેન્ટિલેશન રાખવું જોઈએ. બપોરના કલાકો દરમિયાન ઢોરને ચરાવવા અને ખવડાવવાનું ટાળવું જોઈએ.

# પ્રધાનમંત્રી આવાસ યોજનાના સંગાથે કિલ્લોલ કરતો બોટાદનો વડદરિયા પરિવાર

**ગુજરાત ભૂમિ, બોટાદ**

પ્રધાનમંત્રી આવાસ યોજનાના સંગાથે રાજ્યભરમાં અનેક જરૂરિયાતમંદ પરિવારોને પાકું ઘર મળ્યું છે. બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના ચારણકી ગામના લાભાર્થી જીવરાજભાઈ વડદરિયા સંયુક્ત પરિવારમાં રહે છે. તેમના પરિવારમાં નાના - મોટાં મળીને કુલ ૨૨ સભ્યો છે. પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ મળતાં હવે તેઓ પાકાં મકાનમાં રાજીખુશીથી રહી રહ્યા છે. લાભાર્થી જીવરાજભાઈના પૌત્ર સમીરભાઈ વડદરિયાએ ઉત્સાહભેર જણાવ્યું હતું કે,



અમે સંયુક્ત કુટુંબમાં રહીએ છીએ, અત્યાર સુધી અમે કાચાં મકાનમાં રહેતા ત્યારે ખૂબ તકલીફ પડતી, મારી સાથે મારા ભાઈઓ - બહેનોના અભ્યાસમાં પણ તેની માઠી અસર થતી, પરંતુ હવે અમને આવાસ યોજના થકી પાકા મકાનનો લાભ મળતાં અમારા અભ્યાસમાં પણ ઘણો લાભ થઈ રહ્યો છે. વડદરિયા પરિવારમાં ૪ વર્ષની ઉંમરના સભ્યથી માંડી ૭૫ વર્ષની ઉંમર સુધીના સભ્યો છે. સરકારના સથવારે વડદરિયા પરિવારને પાકું મકાન મળતા પરિવારના તમામ સભ્યો સાથે મળીને એક જ છત નીચે તમામ ઉત્સવોની ઉજવણી કરે છે. સરકારએ પ્રધાનમંત્રી આવાસ યોજના જેવી ઉમદા યોજના થકી વડદરીયા પરિવારની જૂની પેઢી અને નવી પેઢીનું ભાવિ સુનિશ્ચિત કર્યુ છે. બોટાદ જિલ્લાના ચારણકી ગામનો હસતો- રમતો કિલ્લોલ કરતા વડદરિયા પરિવારના તમામ સભ્યો સરકારનો આભાર માની રહ્યો છે.

# નારી સંરક્ષણ ગૃહો/કેન્દ્રો તથા ગ્રાંટેડ પ્રિવેન્ટીવ રેસ્ક્યુ સેન્ટર ખાતે આશ્રીત બહેનોના લગ્ન સહાયમાં નોંધપાત્ર વધારો : મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયા

**ગુજરાત ભૂમિ, ભાવનગર**

મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા એ જણાવ્યું છે કે, નારી સંરક્ષણ ગૃહો/કેન્દ્રો તથા ગ્રાંટેડ પ્રિવેન્ટીવ રેસ્ક્યુ સેન્ટર ખાતે આશ્રીત બહેનોના પુનઃજીવન માટે રાજ્ય સરકારે તેમને મળતી લગ્ન સહાય રૂ. ૨૦,૦૦૦/- થી વધારી રૂ. ૧,૫૦,૦૦૦/- નો નોંધપાત્ર વધારો કરવાની અંદાજપત્રમાં જાહેરાત કરી હતી. અંદાજપત્રમાં કરાયેલ



જાહેરાતનો ત્વરિત અમલ કરી ભાવનગરના નારી સંરક્ષણ ગૃહની દિકરીને મંત્રી ભાનુબેનના હસ્તે આજે ઓનલાઈન સહાય ચૂકવવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે, મૃદુ અને મકકમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા મહિલાઓના સર્વાંગી વિકાસ અને આર્થિક ઉત્થાન માટે અનેકવિધ નિર્ણયો કરાયા છે અને બજેટમાં કરાયેલ નવી જાહેરાતનો પણ સત્વરે આજથી અમલ શરૂ થઈ ગયો છે. જે અતર્ગત રાજ્ય સરકાર દ્વારા સંચાલિત નારી સંરક્ષણ ગૃહો/કેન્દ્રો તથા ગ્રાંટેડ પ્રિવેન્ટીવ રેસ્ક્યુ સેન્ટર ખાતે આશ્રિત મહિલાઓ સન્માનપુર્વક જીવન જીવી શકે માટે લગ્ન સહાય તરીકે રૂા. ૨૦,૦૦૦/ -ની સહાય ચુકવવામાં આવતી હતી તેમા ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં મુખ્ય મંત્રી દ્વારા મહિલા કલ્યાણલક્ષી ઉદાર નીતિ થકી વધુ એક નિર્ણય કરીને આશ્રિત દીકરીના લગ્ન સહાયની રકમ રૂા. ૨૦,૦૦૦/- થી વધારી રૂ. ૧,૫૦,૦૦૦/- કરવાનો નિર્યણ કરવામાં આવ્યો છે. જેમા રૂ. ૫૦,૦૦૦/- દીકરીનાં બેંક ખાતામાં સીધા થી અને રૂ. ૫૦,૦૦૦/- નેશનલ સેવીંગ સર્ટિફિકેટ () તેમજ રૂ. ૫૦,૦૦૦/- લગ્ન માટે આનુષાંગિક ખર્ચ માટે ચૂકવવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભાવનગરના નારી સંરક્ષણ ગૃહની ૨૯ વર્ષીય દીકરી નીના શ્યામજી વાઘરી, જેણે ધો. ૯ સુધી અભ્યાસ કરેલ છે અને નાનપણથી અલગ અલગ સંસ્થાઓમાં ઉછરેલ છે અને તા. ૧૧/૦૮/૨૦૧૧ના રોજ સુરત નારી સંરક્ષણ ગૃહમાંથી નિયમોનુસાર ભાવનગર નારી સંરક્ષણ કેન્દ્રમાં તબદીલ થયેલી છે. નીનાબેન છેલ્લા ૧૨ વર્ષથી નારી સંરક્ષણ કેન્દ્ર, પાલીતાણા ખાતે રહે છે અને તેમને સરકાર દ્વારા લગ્ન સહાય ચૂકવાઈ છે.

# ગઢડા તાલુકાના રળિયાણા ગામે ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગે માર્ગદર્શિત કરતી શિબિર સંપન્ન

**ગુજરાત ભૂમિ, બોટાદ**

બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના રળિયાણા ગામે ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગે માર્ગદર્શન મળી રહે તે હેતુથી શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા વિકાસ અધિકારી અક્ષય બુદાનિયાએ વિશેષ ઉપસ્થિત રહીને ખેડૂતોને માર્ગદર્શિત કર્યા હતા. ખેડૂત શિબિરમાં નાયબ બાગાયત નિયામક જે.ડી.વાળા, જિલ્લા ખેતીવાડી અધિકારી આર.એફ.વાળા, ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર-આત્મા જયેશભાઈ કહોદરિયા તથા બીઆરએસ કોલેજ-ગઢડાના આચાર્ય લાલજીભાઈ સહિતના અધિકારીશ્રીઓએ પ્રાકૃતિક કૃષિના દરેક આયામો અને



બાગાયત સહાયલક્ષી યોજનાઓ અંગે ખેડૂતોને વિસ્તૃત માહિતી આપી હતી, તેમજ પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોના ખેતરોની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. આ તાલીમ શિબિરમાં રળીયાણા ગામના તેમજ આસપાસના ગામોના ખેડૂત માસ્ટર ટ્રેનર રેખાબેન, યોગેશભાઈ ડેર તેમજ મહેન્દ્રભાઈએ પોતાના પ્રાકૃતિક કૃષિના અનુભવોનું આદાન-પ્રદાન કરી અન્ય ખેડૂતોને આ પ્રાકૃતિક કૃષિના મહાઅભિયાનમાં જોડાવા અનુરોધ કર્યો હતો. સમગ્ર તાલીમ શિબિરના આયોજન માટે સ્થાનિક અગ્રણી કરશનભાઈ, વિસ્તરણ અધિકારી અમીબેન, આત્મા પ્રોજેક્ટના ખટાણા ભાઈ, ગ્રામસેવક સંજયભાઈ સહિતના લોકોએ જહેમત ઉઠાવી હતી.

# પ્રધાનમંત્રી આવાસ યોજનાથી બોટાદના બેનુબેન ખાચરના પરિવારને મળશે મકાનરૂપે ખુશીઓની ચાવી

**ગુજરાત ભૂમિ, બોટાદ**

બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના બગડ ગામનો આ છે બેનુબેન ખાચરનો પરિવાર. કાચા મકાનમાં અનેક તકલીફો સહન કરી બેનુબેને પોતાના દીકરાઓનો ઉછેર કર્યો. પરંતુ કોલેજમાં અભ્યાસ કરતા બેનુબેનના પ્રપૌત્ર અજયભાઈને હવે તકલીફોનો સામનો નહીં કરવો પડે, કારણ કે હવે સરકારની સહાયથી બેનુબેનના પરિવારને તેમના સ્વપનનું ઘર મળવા જઈ રહ્યું છે. જીવનની સંધ્યાએ પહોંચેલા બેનુબેન તેમના પરિવાર સાથે સરકારના સંગાથે ઉજ્જ્વળ ભાવિ તરફ મંડાણ કરી રહ્યા છે. આગામી ૧૨ મેના રોજ દેશના દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગરથી અમૃત આવાસોત્સવ અંતર્ગત ઈ-ખાતમુહૂર્ત અને ઈ-લોકાપર્ણ કાર્યક્રમ થકી



બેનુબેન જેવા પ્રધાનમંત્રી આવાસ યોજનાના અનેક લાભાર્થીઓને પાકાં મકાનરૂપે ખુશીઓની ચાવી મળશે. ત્યારે બેનુબેને પોતાની લાગણી વ્યક્ત કરતા કહ્યું હતું કે, હું અને મારો પરિવાર સરકારના આભારી છીએ. પાકું મકાન મળતા અમારી મોટી ચિંતા દૂર થઈ છે. શિયાળો, ઉનાળો, ચોમાસુ હવે દરેક ઋતુમાં અમે સલામત છીએ.કોલેજમાં અભ્યાસ કરતા બેનુબેનના પ્રપૌત્ર અજયભાઈ જણાવે છે કે, કાચા મકાનને કારણે મારો અભ્યાસ બગડતો હતો, પણ હવે અમને પાકા મકાનનો આશરો મળતા હું તથા મારી નાની બહેન અભ્યાસ પર પૂરતું ધ્યાન આપી શકશું. પ્રધાનમંત્રી આવાસ યોજના થકી રાજ્યના જરૂરીયાતમંદ નાગરિકોને પોતાનું ઘરનું ઘર મળી રહે તે માટે રાજ્ય સરકાર પૂર્ણ પ્રતિબદ્ધતાથી કાર્ય કરી રહી છે. ત્યારે બોટાદ જિલ્લો પણ આ યોજનાનું સફળ અમલીકરણ કરીને રાજ્ય સરકારના આ ભગીરથ કાર્યમાં સહભાગી બની રહ્યો છે.

# પ્રધાનમંત્રી આવાસ યોજના એટલે ગરીબ પરિવારો માટેનું આશ્રયસ્થાન

**ગુજરાત ભૂમિ, મોરબી**

સાફલ્ય ગાથા પ્રધાનમંત્રી આવાસ યોજના એટલે ગરીબ પરિવારો માટેનું આશ્રયસ્થાન, જે થકી જરૂરિયાતમંદ લોકો પાકું ઘરનું ઘર મેળવી શકે છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ઘર મેળવી વાંકાનેરના સમથેરવા ગામના વતની સુરાભાઈ પોપટભાઈ મુંધવા જણાવે છે કે, તાજેતરમાં જ મને આવાસ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવી છે. મારું ૧૦ લોકોનું કુટુંબ છે. મારું જૂનું ઘર રહી શકાય તેવી હાલતમાં નહોતું, નળિયા તુટી ગયા હતા ત્યારે સરકાર દ્વારા નવા ઘર માટે પ્રધાનમંત્રી આવાસ



યોજનાની સહાય આપવામાં આવી. સરકારે ટેકો આપ્યો તો સારું મકાન રહેવા જેવું થયું તે માટે હું સરકારનો આભારી છું. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આવા અનેક ઘરવિહોણા પરિવારો માટેની છત બની છે. આ યોજનામાં ઘર માટે તો ૧,૨૦,૦૦૦ની સહાય આપવામાં આવે છે ઉપરાંત અન્ય યોજનાને સાથે જોડીને પોતાના ઘર નિર્માણમાં કામ કરવાની મજૂરી તેમજ શૌચાલય નિર્માણ પેટે પણ રકમ ચુકવવામાં આવે છે. આમ ગરીબોને પણ સુવિધાસભર ઘરનું ઘર મળી રહે તે તરફનું સર્વોત્તમ પગલું છે પ્રધાનમંત્રી અવાસ યોજના. આ યોજનાનું મુખ્ય ધ્યેય કાચા અને જર્જરિત મકાનોમાં રહેતા ઘરવિહોણા પરિવારોને ગ્રામીણ વિસ્તારોમાં તમામ પાયાની સગવડો સાથે પાકા મકાનો પુરા પાડવાનું છે. આ યોજના અંતર્ગત લાભાર્થીની ઓળખ અને પસંદગીમાં પારદર્શિતા જળવાય તો જ બધાને માટે ઘર એ લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય. એ વાતની ખાત્રી રાખી આવાસ મળે તે માટે તમામ પાસાઓની ચકાસણી ગ્રામસભા દ્વારા કરીની તેના આધારે સંપૂર્ણ પ્રક્રીયા ઓનલાઈન અનુસરવામાં આવે છે.

# પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ જામનગરના અનેક લોકોનું ઘરના ઘરનું સ્વપન થયું સાકાર



**ગુજરાત ભૂમિ, જામનગર**
વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગાંધીનગર ખાતેથી આજે રોજ અમૃત આવાસોત્સવ કાર્યક્રમ હેઠળ રાજયભરમાં રૂ. ૧૯૪૬ કરોડના ખર્ચથી નિર્મિત ૪૨,૪૪૧ આવાસોનું લોકાર્પણ કરી આવાસ યોજનાના લભાર્થીઓનો ગૃહ પ્રવેશ કરાવ્યો હતો. તેમજ રૂ.૨૪૫૨ કરોડના વિવિધ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ અને ખાતમુર્હુત કરવામાં આવ્યું હતું. ત્યારે જામનગર શહેરના બેડી રેલવે ઓવરબ્રિજ પાસે આવેલા વીર સાવરકર ભવન આવાસનું ગુજરાતના સ્થાપના દિન નિમિતે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેના ૩ લાભાર્થીઓને ચાવી વિતરણ, પોતાની રીતે સરકારશ્રીની રૂ. ૩.૫૦લાખની સીધી સહાયથી ઘર બનાવનાર ૨ લાભાથીઓને પ્રમાણપત્ર વિતરણ તેમજ જામનગર શહેરમાં પોલીસ હેડ કવાટર્સ પાછળ, ગોલ્ડન સીટી પાસે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત પ્રગતિમાં છે તેવી EWS - ૨ ૫૪૪ આવાસ યોજના અંતર્ગત આવેલ અરજીઓનો કોમ્પ્યુટરાઈઝડ ડ્રો ના કાર્યક્રમનું આયોજન બેડી રેલવે ઓવર બ્રિજ પાસે આવેલા વીર સાવરકર ભવન ખાતે કરવામાં આવ્યું હતું.

પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થી કૃષ્ણસિહ વાળા જણાવે છે કે હુ સિક્યોરીટી ગાર્ડ તરીકે નોકરી કરું છું. પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ મેળવવા માટે મે ફોર્મ ભર્યુ હતું જેમાં બેડી રેલવે ઓવર બ્રિજ પાસે બનેલા આવાસમાં મને મકાન મળ્યું છે. અમારા મકાનમાં પીવાનું પાણી, હવા ઉજાશ, બાળકો માટે રમતના સાધનો, લિફ્ટ તમામ પ્રકારની સુવિધાઓ છે. હું મારુ પોતાનું ઘર લઈ શકું તેવી મારી પરિસ્થિતિ ન હોતી પરંતુ સરકારની સહાય થકી મારા પોતાના ઘરનું સ્વપન સાકાર થયું છે તે બદલ હું વડાપ્રધાનશ્રી નરેન્દ્રમોદી અને મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરું છું.

**હર કિસી કા હોતા હે સપના, ઘર બને હમારા અપના**

પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થી ક્રિષ્નાબેન ઓઝા જણાવે છે કે, અમારું પોતાના ઘરનું સ્વપન સાકાર કરવા બદલ વડાપ્રધાનશ્રીનો આભાર

જામનગરના બેડી રેલવે ઓવર બ્રિજ પાસે આવેલા પ્રધાનમંત્રી આવાસ યોજના થકી નિર્માણ પામેલ વીર સાવરકર ભવનના લાભાર્થી ક્રિષ્નાબેન ઓઝા જણાવે છે કે હું ૭ વર્ષથી ભાડાના મકાનમાં રહેતી હતી. મને પાડોશ માંથી સાંભળવા મળેલ કે પ્રધાનમંત્રી આવાસ યોજનાના ફોર્મ ભરાઈ રહ્યા છે. મારુ ઘરના ઘરનું સ્વપન સાકાર થાય તે માટે મે ફોર્મ ભર્યું હતું જેના થકી અમને મકાન મળ્યું છે. મારા પતિ મુંબઈમાં નોકરી કરે છે અને હું સિલાઈ મશીન ચલાવી ઘરનું ગુજરાન ચલાવું છું. ત્યારે આવાસ યોજનાના લાભ થકી અમને પોતાનું ઘર મળતા સ્વપન સાકાર થયું છે તે બદલ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર.

**૨૨ વર્ષ ભાડે રહ્યા બાદ મળ્યું પોતાનું ઘર, સરકારનો આભાર : અલ્પાબેન પંડયા**

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ બેડી રેલવે ઓવર બ્રિજ પાસે આવેલા આવાસમાં ઘર મળવા બદલ લાભાર્થી અલ્પાબેન પંડયા જણાવે છે કે, અમે છેલ્લા ૨૨ વર્ષથી ભાડાના મકાનમાં રહેતા હતા પરંતુ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ અમને પોતાનું ઘર મળ્યું છે અને અમારું પોતાના ઘરનું સ્વપન સાકાર થયું છે. આ મકાનમાં તમામ પ્રકારની સુવિધાઓ છે, તે બદલ હું પ્રધાનમંત્રીશ્રી અને સરકારનો આભાર માનું છું.

અંતે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જામનગરમાં ગુજરાત ગૌરવ દિવસની રાજયકક્ષાની ઉજવણી કરવામાં આવી હતી જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત બેડી રેલવે સ્ટેશન પાસે ૨૭૨ આવસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેના લાભાર્થીઓને આજે ચાવી સોંપવામાં આવી હતી. જે હસ્તક અનેક લાભાર્થીઓને પોતાનું ઘર મળ્યું છે.

## ભાવનગરના તરસમીયા ખાતે આવાસોના ઈ-લોકાર્પણ પૂર્વે તૈયારીઓની સમીક્ષા કરતાં જિલ્લા કલેકટર આર. કે. મહેતા



**ગુજરાત ભૂમિ, ભાવનગર**
પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આગામી તા.૧૨/૦૫/૨૦૨૩ના રોજ મહાત્મા મંદિર ગાંધીનગર મુકામે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે આંતરિક માળખાકીય વ્યવસ્થાઓ સાથેના સુવિધાસભર ઊઠજ આવાસોના ઈ-લોકાર્પણ કાર્યક્રમ યોજાનાર છે તે કાર્યક્રમમાં વીજાણુનું માધ્યમથી ભાવનગર તરસમિયા આવાસ યોજનાના સ્થળેથી જોડવાનું હોઈ તેની તૈયારીઓની જિલ્લા કલેકટર આર. કે. મહેતા દ્વારા સમીક્ષા કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ભાવનગરમાં ઊઠજ આવસોનો લોકાર્પણ સમારોહ તા. ૧૨/૫/૨૩ ને શુક્રવારે સવારે ૧૧ વાગ્યે શેત્રુંજય રેસિડેન્સી-૩, ભરતનગર અર્બન પોલીસ સ્ટેશનની પાસે, તરસમીયા ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં વડાપ્રધાન ભાવનગરના લાભાર્થીઓ સાથે ઓનલાઈન સંવાદ કરશે જેથી આ અંગેની તૈયારીઓ અંગે અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. આ તકે કલેકટર સાથે મ્યુનિસિપલ કમિશ્નર ન. વી. ઉપાધ્યાય તથા હાઉસિગ બોર્ડના અધિકારીઓ પણ જોડાયા હતા.

## ૭૩માં પ્રાણપ્રતિષ્ઠા દિન પર સોમનાથ મહાદેવને ગીરની કેસર કેરીનો મનોરથ કરાયો



**ગુજરાત ભૂમિ, સોમનાથ**
તા.૧૧/૦૫/૨૦૨૩ ગુરુવાર ના રોજ સોમનાથ મંદિરનો ૭૩ મો પ્રાણ પ્રતિષ્ઠા દિવસ ભક્તિમય વાતાવરણમાં સંપન્ન થયો હતો. ૧૧મે ૧૯૫૧ ના એ પાવન દિવસને સોમનાથ ટ્રસ્ટ દ્વારા વિવિધ ધાર્મિક કાર્યો આયોજન સાથે ઉજવવામાં આવ્યો હતો. સંધ્યા સમયે સોમનાથ મહાદેવના વિશેષ શૃંગારમાં ૨૧૦ કિલો કેરીનો મનોરથ કરવામાં આવ્યો હતો. મહાદેવને તેરા તુજકો અર્પણની ભાવનાથી ગીરનું મીઠું મધુરૂ ફળ એવી કેસર કેરી અર્પણ કરવામાં આવી હતી. અને આ કેરીનો મનોરથ બાદનો ઉપયોગ પણ એટલો જ સુંદર રીતે આયોજિત કરાયો છે. જેમાં સોમનાથ ટ્રસ્ટ દ્વારા વિવિધ દિવ્યાંગ ગૃહોમાં આ કેરી મહાદેવના પ્રસાદ સ્વરૂપે દિવ્યાંગજનોને ખવડાવવામાં આવશે. આ રીતે દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં કામ કરતું સોમનાથ ટ્રસ્ટ પ્રાણપ્રતિષ્ઠા દિવસનો પ્રસાદ દિવ્યાંગજનોને પહોંચાડી તેમને પણ ઉજવણીમાં સહભાગી બનાવશે. ઉપરાંત આજરોજ દિવસ દરમિયાન સોમનાથ મહાદેવને સમુદ્ર, ત્રિવેણી સંગમ અને ગંગાજી ના જળની કળશ યાત્રા યોજીને અભિષેક કરાયો હતો, સોમનાથ મહાદેવની ધ્વજા પૂજા, મહાપૂજા સહિતના ભક્તિમય કાર્ય કરવામાં આવ્યા હતા.

## રાજકોટના વોર્ડ નં. ૧૪ માં આવેલ કેનાલમાં તંત્ર દ્વારા પ્રિમોન્સુન કામગીરી કરાઈ



**ગુજરાત ભૂમિ, રાજકોટ**
રાજકોટ મહાનગર પાલિકા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા હેઠળ વોંકળા વિભાગ દ્વારા પ્રી-મોનસુન કામગીરી અંતર્ગત આજ રોજ તા.૧૨/૦૫/૨૦૨૩ મધ્ય ઝોનના વોર્ડ ન.૧૪ માં આવેલ કેનાલ રોડ ઉપર મીલપરા કમ્પાઉન્ડની અંદર આવેલ વોંકળાની સફાઈ કરવામાં આવેલ હતી. જેમાં ૨ જે.સી.બી-ડમ્પર દ્વારા ૨ ડમ્પર ફેરા એમ અંદાજીત ૨૦ ટન ગાર, કચરો ઉપાડેલ છે. ઉપરોક્ત વિગતે માન. મેયર તથા કમિશનરની સુચના અનુસાર રાજકોટ શહેરમાં આવેલ તમામ હયાત વોકળાઓની સફાઈ પ્રિ-મોનસુન કામગીરી અંતર્ગત ચાલુ કરવામાં આવેલ છે. જે અંતર્ગત સેનિટેશન કમિટીના ચેરમેન અશ્વિનભાઈ પાંભર, વોર્ડના કોર્પોરેટર નિલેશભાઈ જલુ અને મધ્ય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેર વી.એમ.જીંજાળાના માર્ગદર્શન હેઠળ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની ટીમ દ્વારા કામગીરી કરવામાં આવેલ હતી.

## રાજકોટમાં એસ્ટીલા એપાર્ટમેન્ટના સ્થાનિક રહેવાસીઓને ફાયર સેફ્ટી અંગે તાલીમ અપાઈ



**ગુજરાત ભૂમિ, રાજકોટ**
રાજકોટ મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ હાઈરાઈઝ બિલ્ડીંગમાં લગાવવામાં આવતી ફાયર સેફ્ટીના સાધનો જે બિલ્ડીંગમાં રહેતા લોકોને જાગૃતી માટે તા.૧૧/૦૫/૨૦૨૩ નાં રોજ માતૃ એસ્ટીલા એપાર્ટમેન્ટ, સુંદરમ સીટીની બાજુમા રેલનગર, રાજકોટ ખાતે ફાયર સેફ્ટીની મોકડ્રીલનું આયોજન કરવામા આવેલ, આ મોકડ્રીલમાં અંદાજે ૪૦ થી ૪૫ રહેવાસીઓ જોડાયેલ. જે મોકડ્રીલમાં ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગના સ્ટેશન ઓફિસર એ.બી.ઝાલા, ફાયરમેન રણજીત ભરડા, મેહુલ અમલીયાર, વિજયભાઈ, હરેશભાઈ નાકીયા, ડ્રાઈવર બિપીનભાઈ તથા ટ્રેનર સહિતના સ્ટાફ દ્વારા બિલ્ડીંગમાં લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને ફાયર સેફ્ટીના સાધનોને આગ લાગે ત્યારે કઈ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઈએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્ષ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઈ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગે ચીફ ફાયર ઓફીસરશ્રી આઈ. વી. ખેર અને ડે.ચીફ ફાયર ઓફીસર બી. જે. ઠેબાના સુપરવિઝન હેઠળ ફાયર સેફ્ટી અંગે માર્ગદર્શન અને મોકડ્રીલનું આયોજન કરવામાં આવેલ હતું. આ બાબતે વધુ ને વધુ લોકો ભાગીદાર થાય અને ફાયર સેફ્ટીની તાલીમ મેળવે જેથી આપણા ગૌરવશાળી રાજકોટને વધુ ને વધુ સુરક્ષીત બનાવવા આગળ આવે તેવો જાહેર જનતાને અનુરોધ કરવામા આવે છે. જે બિલ્ડીંગ દ્વારા પોતાની બિલ્ડીંગમાં મોકડ્રીલ આયોજન કરવા સ્વેચ્છીક અરજી કરશે તેમને પહેલી તક આપવામાં આવશે.

## ખરીફ પાકોના બિયારણની ખરીદી અંગેની માર્ગદર્શીકા જાહેર કરાઈ

**ગુજરાત ભૂમિ, મોરબી**
મોરબી જિલ્લાના તમામ ખેડૂતોને આગામી ખરીફ ઋતુમાં વાવેતર માટે બિયારણની ખરીદી કરવા ઈચ્છુક ખેડૂતો એ બિયારણની ખરીદી વખતે ખાસ કાળજી લેવી. ખેડુતો એ માત્ર અધિકૃત લાયસન્સ/પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ ખરીદી કરવાનો આગ્રહ રાખવા નાયબ ખેતી નિયામક એ ખેડૂતોને અનુરોધ કર્યો છે. બિયારણની ખરીદી સમયે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પૂરું નામ સરનામું અને જે બિયારણ ખરીદેલ હોય તેનું નામ, લોટ નંબર, ઉત્પાદન અને મુદત પૂરી થવાની વિગત દર્શાવતું બીલ સહી સાથે અવશ્ય લેવું. બિયારણની થેલી સીલ બંધ છે કે કેમ, તેમજ તેની મુદત પૂરી થઈ ગયેલ નથી તે બાબતે ખાસ ચકાસણી કરવી અને કોઈપણ સંજોગોમાં મુદત પૂરી થયેલ હોય તેવા બિયારણની ખરીદી નહીં કરવા ખેડૂતોને અપીલ કરવામાં આવી છે. ઉપરાંત કપાસ પાકના બિયારણની થેલી અથવા પેકેટ કે જેના પર ઉત્પાદકનું નામ, સરનામું અને બિયારણના ધારાધોરણો દર્શાવેલ ન હોય તેવા ૪જી અને ૫જી જેવા જુદા જુદા નામે વેચાતા અમાન્ય બિયારણની કોઈપણ સંજોગોમાં ખરીદી કરવી નહીં. તેમજ આ પ્રકારના બિયારણ વેચાતા હોવાનું જો ધ્યાને આવે તો તાત્કાલિક સંબંધિત એગ્રીકલ્ચર ઈન્સ્પેક્ટર અથવા જિલ્લાના નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) ને તુરંત જાણ કરવી. વાવણી બાદ ખરીદેલ બિયારણનું પેકેટ/ થેલી તેમજ તેનું બીલ પણ સાચવી રાખવુ જરૂરી છે તેમ મોરબી જિલ્લાના નાયબ ખેતી નિયામક કે. જી. પરસાણીયાની યાદીમાં જણાવાયું છે.

## જામનગર જિલ્લાના લોકોને પીવાના પાણીનો પ્રશ્ન ન રહે તે દિશામાં કામગીરી કરવા કેબીનેટમંત્રી રાઘવજીભાઈ પટેલે બેઠક યોજી

**ગુજરાત ભૂમિ, જામનગર**
જામનગર જિલ્લા કલેકટર કચેરીના સભાખંડમાં રાજ્યના કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલે કલેકટર બી.એ.શાહની ઉપસ્થિતમાં પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં જામનગરના નવા ભળેલા વિસ્તારોમાં પીવાના પાણીની પાઈપલાઈન નાખવી, જે જગ્યાએ કામ ચાલુ હોય ત્યાં વૈકલ્પિક વ્યવસ્થાઓ કરવી, પ્રિ-મોન્સુન કામગીરી કરવી, જે વિસ્તારોમાં વધારે પાણીની જરૂરિયાત જણાય ત્યાં વ્યવસ્થા કરવી તેમજ લોકોની કોઈ સમસ્યાઓ હોય તો તેનો નિકાલ લાવવા અંગે મંત્રીએ લગત અધિકારીઓને સૂચના આપી હતી. આ બેઠકમાં જલ સે જલ યોજના હેઠળ કામગીરી, નાના



થાવરીયા, મોડાગામ, વાગળિયા, ભાદરા, નાઘેડી, નવાનાગના ગામે પીવાના પાણીની પાઈપલાઈનની કામગીરી અંગે ચર્ચા, ઢીચડા અને વાવ બેરાજા ગામે પાણીનો નવો સંપ બનાવવો, વરણા-જગા-મેડી જુથ યોજનાનું સ્ટેટસ, સચાણા ગામે વસાહતમાં વધારો થયો હોવાથી મોટો સંપ બનાવવા અંગે વિચારણા કરી યોગ્ય આયોજન કરવા અંગે મંત્રીએ સૂચનો કરી કામગીરી કરવા જણાવ્યું હતું. આ બેઠકમાં અધિક નિવાસી કલેકટર બી.એન.ખેર, પાણી પૂરવઠા વિભાગના અધિકારીઓ તેમજ અન્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ભાણવડ તાલુકાના ગુંદા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સગર્ભા મહિલાઓનો નિદાન કેમ્પ યોજાયો



**ગુજરાત ભૂમિ, દેવભૂમિ દ્વારકા**
ભાણવડ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર - ગુંદા ખાતે પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન અંતર્ગત પી.એચ.સી.ના હેઠળના કુલ ૧૧ ગામના ૩૦ સગર્ભા બહેનોનો નિદાન કેમ્પ યોજાયો હતો. નિદાન કેમ્પમાં ખંભાળિયાના જનરલ હોસ્પિટલના ડોકટર શ્રી ડો.વિવેક વિઠલાણી અને એમની ટીમ દ્વારા તપાસ કરવામા આવી હતી. તેમજ દરેક બહેનોના ૭ પ્રકાર ના લેબોરેટરી રિપોર્ટ કરવામાં આવ્યા હતા. લોહીની ઉણપ ધરાવતા ૬ બહેનોને લોહીની ઉણપ દૂર કરવા માટે આયન સુક્રોઝના પાઈન્ટ ચડાવવામાં આવ્યા હતા. આ તપાસ માટે મહિલાઓને આવવા જવા માટે સાધનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. પી.એચ.સી.ગુંદાના સ્ટાફે આ અભિયાન સફળ બનાવ્યું હતું. સફળ અભિયાન બનાવવા બદલ સ્ટાફને તાલુકા હેલ્થ ઓફિસર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યાં હતા.

હિન્દ ન્યુઝ (સાપ્તાહિક) ● તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : સીમા રિતેશ પટેલ (મો.૯૮૨૫૦૯૫૫૪૫) ● પ્રકાશન સ્થાન : સરદાર કોમ્પલેક્ષ, ધોરાજી રોડ, કાલાવડ - ૩૬૧૧૬૦, જિલ્લો જામનગર (ગુજરાત)
● મુદ્રણ સ્થાન : સમર્થન પ્રિન્ટર્સ, સરદાર કોમ્પલેક્ષ, ધોરાજી રોડ, કાલાવડ - ૩૬૧૧૬૦, જિલ્લો જામનગર (ગુજરાત) ● ટેલીફેક્સ નંબર : ૦૨૮૯૪૨૨૨૨૨૯, ફોન : ૦૨૮૯૪૨૨૨૩૦